# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

એસ.સી.એસ.ટી.સેલ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૨

ફેક્સ નં.:(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :scstcell@sauuni.ac.in

Azadi Ka Amrit Mahotsav

નં.એસ.સી.-એસ.ટી.સેલ/૩૭૬૯૧/૨૦૨૨ તા.૦૩/૦૮/૨૦૨૨

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીની ગાઇડલાઇન મુજબ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી પ્રવેશ, સ્ટાફ ભરતી, હોસ્ટેલ પ્રવેશ, સ્ટાફ ક્વાટર્સની ફાળવણી વગેરેમાં અનામત પ્રમાણની જોગવાઇના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઇઝરી કમિટીની બેઠક માન. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૫/૦૭/૨૦૨૨ના રોજ બપોરે 3:00 કલાકે યુનિવર્સિટી ખાતેના સિન્ડિકેટ હોલમાં મળેલ હતી. આ બેઠકમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રોફે. જી.સી. ભીમાણી | માન. કુલપતિશ્રી અને અધ્યક્ષશ્રી | હાજર |
| ૨) | શ્રી મનીષ ધામેચા | કુલસચિવશ્રી | હાજર |
| ૩) | પ્રોફે.કૈલાસબેન ડામોર | સભ્યશ્રી | હાજર |
| ૪) | પ્રોફે. બી. કે. કલાસવા | સભ્યશ્રી | હાજર |
| ૫) | ડો.વાય.એ. જોગસણ | સભ્યશ્રી | હાજર |
| ૬) | પ્રોફે. યુ. સી. ભોયા | સભ્યશ્રી | હાજર |
| ૭) | પ્રા. જિજ્ઞાબેન એચ. પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૮) | પ્રા. મંજુબેન ચાવડા | સભ્યશ્રી | હાજર |
| ૯) | પ્રા. આર. સી. ગાંવિત | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૦) | ડો. રમેશ. જી. પરમાર | સભ્ય સચિવશ્રી | હાજર |

સદર બેઠકમાં સમીક્ષા બાદ નીચે મુજબના સૂચનોનો અમલ કરવા ભલામણ કરવામાં આવેલ.

**૧ તા.૨૮-03-'૨૨ ની એડવાઇઝરી કમિટી બેઠક ની કાર્યવાહી નોંધ પરત્વે થયેલ કાર્યવાહી.**

તા. ૨૮-03-'૨૨ ની એડવાઈઝરી કમિટી ની બેઠક ની કાર્યવાહી નોંધ પરત્વે થયેલ કાર્યવાહી ની નોંધ લેવામાં આવી અને તેને મંજુર કરવામાં આવી.

**૨ યુનિવર્સિટી માં શૈક્ષણિક,બિન શૈક્ષણિક સ્ટાફ ભરતીમાં અનુસુચિત જાતિ,જન-જાતિની સંખ્યા**

શૈક્ષણિક,બિન શૈક્ષણિક સ્ટાફ ભરતીમાં અનુ.જાતિ,જનજાતિ ની સંખ્યાનું પ્રમાણ,આપવામાં આવેલ બીન શૈક્ષણિક સ્ટાફની જાહેરાતની વિગતો પરત્વે સમીક્ષા બાદ સંતોષ વ્યક્ત કરવામાં આવેલ.

**3 યુનિવર્સિટી નાં વિવિધ ભવનોમાં અનામતવર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા.**

-વર્ષ ૨૦૨૨-'૨૩ની રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલુ હોય,જે અંગે આગામી બેઠકમાં માહિતી પૂરી પાડવી.

-વિવિધ ભવનોમાં પ્રવેશમાં અનામત નીતિ ની ચુસ્ત પાલન થાય તે માટે પ્રત્યેક ભવન દ્વારા કાળજી રાખવી. (અમલ-તમામ ભવનો)

- વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ના સમયગાળા ની શિષ્યવૃત્તિ,ફેલોશીપની દરખાસ્ત અપલોડ, વેરીફીકેશન કરવાની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવી. (અમલ-તમામ ભવનો,યુ.જી.સી. વિભાગ ,પી.જી.ટી.આર.વિભાગ.)

૪ **યુનિવર્સિટી ની વિવિધ હોસ્ટેલોમાં અનામત વર્ગ ના છાત્રોની સંખ્યા.**

- વિવિધ હોસ્ટેલોમાં અનામતવર્ગના છાત્રોના પ્રમાણ પરત્વે સંતોષ વ્યક્ત કરવામાં આવેલ.
- વર્ષ ૨૦૨૨-'૨૩,હોસ્ટેલ પ્રવેશ માટે આવેલ કુલ અરજીઓ પૈકી અનામત વર્ગના વિદ્યાર્થીઓની અરજીઓ ની વિગત સાથે આગામી બેઠકમાં માહિતી રજુ કરવી. (અમલ-તમામ હોસ્ટેલ્સ)

૫ **યુનિવર્સિટી સ્ટાફ ક્વાટર્સ માં અનામત વર્ગના સ્ટાફ ને ક્વાટર્સ ફાળવણીની સંખ્યા.**

સ્ટાફ કવાટર્સમાં અનામતવર્ગ ના સ્ટાફને ફાળવવામાં આવેલ સ્ટાફ ક્વાટર્સ પરત્વે સંતોષ વ્યક્ત કરવામાં આવેલ.

૬ **અનુસૂચિત જાતિ,જન-જાતિ ના વિદ્યાર્થીઓ,સ્ટાફ ની આવેલ અરજીઓ પરત્વે થયેલ કાર્યવાહી.**

- માહે એપ્રિલ ૨૨ થી જુલાઈ ૨૨ સુધીમાં એક પણ ફરિયાદ અરજી આવેલ ન હોય, સમિક્ષા કરવાની થતી નથી.
- યુનિવર્સીટી દ્વારા તૈયાર કરવામાં આવેલ એસ.સી.એસ.ટી. ગ્રીવાન્સ પોર્ટલ અંગે સભ્ય સચિવશ્રી દ્વારા વિગતો રજુ કરવામાં આવેલ.

અન્ય કોઈ મુદાઓ ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીની સંમતી થી બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે.)

સહી/-
(એ.એસ.પારેખ)
કુલસચિવ

પ્રતિ,
સર્વે સભ્યશ્રીઓ,
અનામત પ્રમાણ જોગવાઇઓના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઇઝરી કમિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

રવાના કર્યું

નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

<u>નકલ સાદર રવાના :</u>
માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :</u>
૧) યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ
૨) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાઓ
૩) રેકટરશ્રી, તમામ હોસ્ટેલ્સ
૪) વિવિધ ચેર્સ, સેન્ટર્સ ના વડાઓ
૫) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઇટ પર મૂકવા વિનંતી)